# પાલનપુરમાંથી મૃત ભ્રૂણ મળી આવતા ચકચાર



પાલનપુર

પાલનપુર રેલ્વે સ્ટેશન પાસે આવેલ નાળામાંથી એક મૃતભ્રૂણ મળી આવતા ચકચાર મચી ગઈ હતી.આ અંગેની જાણ આજુ-બાજુના લોકોને થતા આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી હતી.

બનાસકાંઠામાં અવાર-નવાર ભ્રૂણ મળવાના બનાવો જાવા મળી રહ્યા છે.જેમાં આજરોજ પાલનપુર રેલ્વે સ્ટેશન નજીક આવેલ નાળામાં કોઈ અજાણી વ્યક્તિ ભ્રૂણ ફેકી ચાલી ગઇ હતી.જેથી લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા.અને પોલીસ તેમજ આરોગ્ય વિભાગને કરવામાં આવતા ભ્રૂણને પી.એમ માટે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## વડગામના જલોત્રા નજીક આવેલા ગુરુના ભોખરા પર

# યુવાનોએ પીવાના પાણીની વ્યવસ્થા કરી

**૩૦૦ મીટર ઊંચાઇ પર ગુરુ મહારાજનું મંદિર આવેલું હોવાથી : ક્યાંથી પાણી લાવવું એ એક મોટી સમસ્યાને નિવારી**

વડગામ

વડગામ તાલુકાના જેલોત્રા ગામ નજીક આસ્થા નું પ્રતિક એવા ૩૦૦ મીટર ની પર્વત ની ઊંચાઇ ગુરુ મહારાજ નું મંદિર આવેલું છે. ત્યાં જેઠ મહિના માં લોકો ગુરુ મહારાજ નો પ્રસાદ કરવા મટે મોટી સંખ્યામાં જાય છે.પણ ત્યાં પીવાના પાણી ની વ્યવસ્થા નહોતી.ત્યારે જેલોત્રા ગામના પ્રજાપતિ અને રબારી સમાજના યુવનોએ ૩૦૦ મીટર ની ઉંચાઈએ પીવાના પાણી ની વ્યવસ્થા કરતા આવતા લોકોમાં ખુશી જોવા મળી હતી.

વડગામ તાલુકાના જલોતરા ની નજીક ૩૦૦ મીટર ની ઊંચાઇ નો ગુરૂનો ભાંખરો આવેલો છે. અને તેના પર આસ્થાનું પ્રતિક એવા ગુરુ મહારાજ નું મંદિર આવેલું છે.જ્યાં જેઠ મહિના માં અસંખ્ય લોકો પ્રસાદ કરવા માટે જાય છે. આ ભાંખરા ઉપર બિરાજમાન ગુરૂ ધૂંધલીમલ ના દર્શનાર્થે ભાવિક ભક્તોનો પ્રવાહ સતત વહેતો રહેતો હોય છે. અને





હાલમાં ઉનાળાની આગ ઉકળતી ગરમીમાં સ્વાભાવિક રીતે દર્શનાર્થે આવતા શ્રધ્ધાળુઓ ને પીવાના પાણી માટે તકલીફ પડતી હોય છે. ત્યારે ગુરુ મહારાજ ની ટોચે ખાલી હાથે પહોંચવું હોય તો પણ પશીનો છૂટી જાય તેવા સમયે તળેટીમાંથી પાણી અને પીપ ઊંચકી ને અંદાજીત ૩૦૦૦ મીટરની ઊંચાઈએ પાણી પીવાની વ્યવસ્થા ગોઠવવીએ કોઈ સામાન્ય બાબત નથી. એક જાતની પ્રખર તપસ્યા છે ઉત્કૃષ્ટ માનવ સેવાની નિશાની છે... આ પ્રકારનું સમાજસેવાનું કાર્ય થોડા વર્ષો થી વડગામ તાલુકાના જલોતરા ગામના રબારી અને પ્રજાપતિ સમાજના યુવાનો કરી રહ્યા છે જે વંદન ને પાત્ર છે. ત્યારે આવા સમયે જેલોત્રાં ગામના પ્રજાપતિ અને રબારી સમાજ ના યુવાનો દ્વારા આ ગુરુ મહારાજ ના ભોખર પર પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.જેથી આવતા ભક્તોએ આ કાર્ય ને આવકાર્યું હતું. અને આવતા ભક્તો ગુરુ મહારાજ ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# મોડાસાના દધાલિયા ગામે જળસંકટ વચ્ચે ગ્રામપંચાયતની બેદરકારી

**એક મહિનાથી પીવાના પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ : પાણીનો વ્યય થતાં મુખ્ય માર્ગો પર પાણીનો વેડફાટ**





મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પાણીની સમસ્યા વિકરાળ બની છે. મોડાસા તાલુકાના દધાલિયા ગામે દર વર્ષે ઉનાળાની ઋતુમાં પાણીની સમસ્યા ગ્રામજનો માટે માથાના દુખાવારૂપ સાબિત થઈ રહી છે. મોડાસા તાલુકાનું એકમાત્ર એવું ગામ હશે કે સપ્તાહમાં એકવાર ગ્રામ પંચાયત દ્વારા પીવાનું અને જરૂરિયાત માટે પાણી આપવામાં આવે છે. ત્યારે છેલ્લા એક મહિનાથી પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનના વાલ્વમાં ભંગાણ સર્જાતા પાણીનો વ્યય થતા અને મુખ્યમાર્ગો પર પાણીનો વેડફાટ થતા ગ્રામજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ દધાલિયા ગામના ગ્રામજનો ધોમધખતા તાપમાં પાણીના બુંદ બુંદ માટે તડપી રહ્યા છે ગામમાં પાણીના તળ ઊંડે જતા કુવા, બોરના નીર પણ ઊંડે જતા પ્રજાજનો પીવાના પાણી માટે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ગ્રામપંચાયત દ્વારા સપ્તાહમાં ફક્ત એકવાર પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવે છે, બીજીબાજુ ગ્રામ પંચાયતની બેદરકારી પણ સામે આવી છે, ગ્રામજનોને પુરા પાડતી પાણીની મુખ્ય પાઈપલાઈનના વાલ્વમાં છેલ્લા એક મહિનાથી ભંગાણ સર્જાતા પાણીનો વ્યય થતા અને મુખ્યમાર્ગો પર પાણી ફરી વળતા રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રામજનોમાં જવાબદાર તંત્ર દ્વારા પાઈપલાઈનના વાલ્વમાં સર્જાયેલ ભંગાણનું તાબડતોડ સમારકામ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

# માલપુરમાં ગરીબોને નોકરીની લાલચ આપનાર "ઠગ્સ ઓફ માલપુર"ને લોકોએ પોલીસને સોંપ્યો

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં સરકારી અને ખાનગી કંપનીમાં સારા પગારની નોકરી આપવાની લાલચ આપી કેટલાક લેભાગુ તત્વો ભોળી પ્રજાને ભરમાવી રૂપિયા ખાંખેરી લીધા હોવાની અનેક ઘટનાઓ છાસવારે બહાર આવે છે. "લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે"ના મારે કહેવતને સાર્થક કરતી વધુ એક ઘટના માલપુર નગર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં એક ઠગે બેરોજગાર યુવકો અને લોકોને સિક્યુરિટી ગાર્ડની નોકરીની લાલચ આપી ૨૨૦ થી વધુ લોકો પાસેથી વ્યક્તિ દીઠ ૫૦૦/- રૂપિયા ઉઘરાવી ડોક્યુમેન્ટ લઈ ૭ મહિનાથી વાયદા કરતા આબાદ ઠગાયા હોવાની કેટલાક યુવકોને અહેસાસ થતા યુવકોએ "ઠગસ ઓફ માલપુર"ને વધુ યુવકો નોકરી માટે તૈયાર હોવાની લાલચ આપી રવિવારે માલપુર ચોકડી બોલાવી ઝડપી પાડી માલપુર પોલીસને સોંપી દીધો હતો અને ઠગ વિરુદ્ધ લેખિત અરજી આપી કાયદેસરની કાર્યવાહી કરવા રજુઆત કરી હતી.



માલપુર તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ૭ મહિના અગાઉ સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના સાગપુર ગામના મહેન્દ્રભાઈ ધુળાભાઈ ચમાર નામના ઠગે માલપુર ગામના દિનેશભાઈ રમણભાઈ વાઘેલા સહીત માલપુર નગર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના બેરોજગાર યુવકો અને લોકોને તેની વાકછટામાં ફસાવી અને વિવિધ કંપનીઓમાં ઓળખાણ હોવાની શેખી મારીવિશ્વાસ કેળવી સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી આપવાની લાલચ આપી ૨૨૦ થી વધુ બેરોજગાર લોકોને ફોસલાવી વ્યક્તિ દીઠ ૫૦૦ રૂપિયા ઉઘરાવી રૂ.૧૧૦૦૦૦/- ખિસ્સામાં સેરવી લીધા બાદ યુવકોને નોકરી નહિ આપી છેલ્લા સાત મહિનાથી વાયદા પર વાયદા કરતા માલપુરના યુવા અગ્રણી લાલજી ભગતને વાત કરતા ઠગાઈનો ભોગ બનેલા જાગૃત યુવકોને સાથે રાખી વધુ યુવકો સિક્યુરિટી ગાર્ડમાં નોકરી કરવા ઈચ્છુક હોવાનું ફોન કરી જણાવી રવિવારે બપોરના સુમારે છટકું ગોઠવી માલપુર ચાર રસ્તા બોલાવી પકડી લીધો હતો અને રૂપિયા પરત આપવાની માંગ કરતા મહેન્દ્ર ધુળાભાઈ ચમારે આનાકાની કરતા ઠગાઈનો ભોગ બનેલા યુવકોએ માલપુર પોલીસ સ્ટેશનમાં લઈ જઈ પોલીસને સુપ્રત કરી લેખિત રજુઆત કરી ઠગનાર શખ્શ સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી જેથી અન્ય બેરોજગાર યુવકો ઠગાઈનો ભોગ ના બને તેવી માંગ કરી હતી.

# પ્રાંતિજ ખાતે ચક્ષુદાતાના પરિવારનુ પ્રમાણપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું

**જાયન્ટસ ગૃપ દ્વારા સર્ટી આપી પરિવાર નું બહુમાન કર્યું**



પ્રાંતિજ તા ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સેવાકીય પ્રવૃતિમાં કાર્યરત પ્રાંતિજ જાયન્ટસ ગૃપ દ્વારા સ્વર્ગસ્થ ડાહીબેન ચંન્દ્રકાન્ત રાવલ ચક્ષુદાતા ના પરિવાર નું સર્ટી આપી બહુમાન કરવામાં આવ્યું.

પ્રાંતિજ એપ્રોચરોડ રોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટીમાં રહેતા મુકેશ ભાઇ (ભોલાભાઇ) ચંન્દ્રકાન્ત રાવલના માતૃશ્રીનુ અવસાન થતા મુકેશ ભાઇ ચંન્દ્રકાન્ત રાવલ તથા પરિવારના સભ્યો દ્વારા સ્વર્ગસ્થ ડાહીબેનના ચક્ષુનું ચક્ષુદાન કરવામાં આવ્યું હતું અને પ્રાંતિજ જાયન્ટસ ગૃપના ડૉ.એન. કે. ડેરિયા દ્વારા ચક્ષુ લેવામા આવ્યા હતાં તો આજે સ્વર્ગસ્થ ના બેસણામાં પ્રાંતિજ જાયન્ટસ ગૃપના પ્રાંતિજ ખાતેના સ્થાપક ડૉ.એન. કે. ડેરિયા, વજેશભાઇ ભાવસાર, મહંત સુનીલદાસજી મહારાજ, ગૌતમભાઇ ભાવસાર, સમીરભાઈ શર્મા, મિતેશભાઇ શાહ સહિત જાયન્ટસ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં અને સ્વર્ગસ્થ ચક્ષુદાતા ના પરિવાર ને સર્ટી આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠામાં ગેરકાયદે ચાલતા ટયુશન કલાસ પર પ્રતિબંધ : શિક્ષણ વિભાગે તપાસ હાથ ધરી

પાલનપુર

સુરતમાં બહુમાળી બિલ્ડિંગમાં અચાનક ટ્યુશન ક્લાસીસ માં આગ લાગતાં વીસ બાળકોના કરૂણ મોત થતા બનાસકાંઠા જિલ્લામાં પણ શિક્ષણ વિભાગ સફાળુ જાગ્યું હતુ. અને તમામ ટ્યુશન ક્લાસીસ બંધ કરી દેવા શિક્ષણ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી હતી. જ્યાં પાલનપુરમાં શનિવારે વહેલી સવારથી જ શિક્ષણવિભાગ દ્વારા અલગ-અલગ ચાર ટીમો બનાવી ગેરકાયદેસર ચાલતા ટ્યુશન ક્લાસીસ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. જેના પગલે ટ્યુશન કલાસના સંચાલકોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

સુરતમાં આગની ઘટનામાં ટયુશન આવેલા વીસ બાળકો આગમાં ભૂંજાઇ જતા તેમના કરૂણ મોત નિપજ્યા હતા. આ ઘટના બાદ બનાસકાંઠામાં વહિવટીતંત્ર સફાળુ જાગ્યું હતુ. જ્યાં જિલ્લા કલેકટર સંદિપ સાંગલેની સૂચનાથી શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં ટયુશન સહિતના કલાસીસ ઉપર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. દરમિયાન શિક્ષણ વિભાગ દ્વારા




પાલનપુરમાં શનિવારે વહેલી સવારે અલગ- અલગ ચાર ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પાલનપુરમાં ગઠામણ ગેટ પાસે આવેલ ટાર્ગેટ ટ્યુશન ક્લાસીસમાં તપાસ હાથ ધરતા, અહીં ટ્યુશન ક્લાસીસ છેલ્લા ત્રણ વર્ષથી ગેરકાયદેસર રીતે ચાલતું હોવાનું બહાર આવ્યું હતું. આ ક્લાસીસમાં અંદાજે ૭૦ થી વધુ બાળકો ક્લાસ માટે આવતા હતા. ત્રીજા માળે આવેલા ક્લાસીસમાં કોઈપણ પ્રકારની ફાયર સેફટીની સુવિધા કે કોઈપણ પ્રકારની અન્ય મંજૂરી પણ લીધી ન હોતી. જોકે, શિક્ષણ વિભાગે હાલમાં આ ક્લાસીસ સંચાલકને ક્લાસ બંધ કરી જરૂરી મંજૂરી બાદ જ શરૂ કરવા માટે સુચના આપવામાં આવી છે. જો કે શિક્ષણ વિભાગની કાર્યવાહી ન સમાચાર મળતા જ અન્ય ટયુશન સંચાલકો ફરાર થઈ ગયા હતા.

# ડીસામાં ઠાકોર સમાજનો ૪૫ યુગલોનો સમૂહ લગ્નોત્સવ ઉજવાયો

પાલનપુર

દરેક સમાજમાં એકતા જળવાઈ રહે તે માટે ઠેર-ઠેર સમૂહ લગ્નનું આયોજન થાય છે ત્યારે આજે ડીસા ખાતે ઠાકોર સમાજ દ્વારા ૪૫ યુગલોના સમૂહ લગ્ન યોજાયા હતા.

આજના યુગમાં લોકો પોતાના ઘરે લગ્ન પ્રસંગે મોટા મોટા ખર્ચા કરતા હોય છે ત્યારે દરેક સમાજ પોતાના માં એકતા જળવાઈ રહે અને લોકો મોટા ખર્ચા થી બચી શકે તે માટે ઠેર ઠેર સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આજે ડીસાના ખેતીવાડી ઉત્પન્ન બજાર માર્કેટ યાર્ડ ખાતે ઠાકોર સમાજના ૫મો સમૂહ લગ્ન યોજાયો હતો બનાસકાંઠા જિલ્લામાં સાડા ત્રણ લાખથી પણ વધુ ઠાકોર સમાજ વસે છે ત્યારે આજે આ સમૂહ લગ્નનો મુખ્ય હેતુ સમાજમાં એકતા જળવાઈ રહે અને લોકો વ્યસનોથી દૂર થાય તે માટે આ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું આ સમૂહ પરિવારો દહેજના મોટા ખર્ચા થી બચી શકે તે માટે ઠાકોર સમાજના




લગ્નમાં ૪૫ જેટલા યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા બનાસકાંઠા જિલ્લામાં વિવિધ ક્ષેત્રે નામના ધરાવતા તમામ લોકોએ આ ૪૫ નવયુગલોને આશીર્વાદ પણ પાઠવ્યા હતા અને વર-કન્યાના લોકો દ્વારા તમામ લગ્નનો સામાન પૂર્વ પાડવામાં આવ્યો હતો આ સમૂહ લગ્નમાં ઠાકોર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તમામ વર- કન્યાઓને આશીર્વાદ હતા.

# અરવલ્લી જીલ્લામાં વિજ્ઞાન પ્રવાહનું નબળું પરિણામ

**વિદ્યાર્થીઓ અને વાલીઓએ મેડિકલ પ્રવેશ માટે ન્યુતમ ટકાવારી ઘટાડવા માંગ**

મોડાસા, તા. ૨૬

ગુજરાત બોર્ડ દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની લેવાયેલી પરીક્ષામાં બાદ પરિણામ જાહેર થતા પરિણામ નબળું હોવાથી ફિઝિક્સ અને કેમેસ્ટ્રીમાં ૧૦ થી ૧૨ માર્કસનું ગ્રેસીંગ અપાયું છે.



અરવલ્લી જીલ્લામાં ચાલુ વર્ષે વિજ્ઞાન પ્રવાહનું નબળું પરિણામ આવતા વિદ્યાર્થીઓની કારકિર્દી રોળાઈ ગઈ છે. મેડિકલ પ્રવેશ કમિટી દ્વારા મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવા લઘુત્તમ ટકાવારી ૫૦ ટકા હોવી જરૂરી છે. ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી એમ ત્રણ વિષયના પ્રેક્ટિકલ અને થિયરીના મળીને ૫૦ ટકા થવા જરૂરી છે. નીટમાં ઉચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થી પણ લઘુત્તમ ટકાવારી ૫૦ ટકા ન હોવાથી મેડીકલમાં પ્રવેશથી વંચિત રહેવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓએ મેડિકલ પ્રવેશની લઘુત્તમ ટકાવારીમાં ૫ ટકાની છૂટ આપવાની માંગ પ્રબળ બની છે.

અરવલ્લી જીલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થતાની સાથે પરિણામની ટકાવારી ખુબ નીચે રહેતા વિદ્યાર્થીઓ સહીત વાલીઓમાં ભારે નિરાશા વ્યાપી હતી. અરવલ્લી જીલ્લાના વિદ્યાર્થીઓનું તબીબ બનવાનું સ્વપ્ર રોળતા આઘાતમાં સરી પડ્યા હતા.

બીજીબાજુ મેડિકલ પ્રવેશ કમિટીની મેડીકલમાં પ્રવેશ મેળવવા ન્યુનતમ ટકાવારી ૫૦ ટકા હોવાથી મોટા ભાગના વિદ્યાર્થીઓનું તબીબી ક્ષેત્રે કારકિર્દી બનાવવાના સ્વપ્ર પર પાણી ફરી વળતા મેડિકલ પ્રવેશ કમિટી અને રાજ્ય સરકારે મેડિકલ પ્રવેશની પ્રક્રિયામાં ૫ ટકાની છૂટછાટ આપી ૪૫ ટકા કરવાની માંગ પ્રબળ બની છે અને આગામી સમયમાં આ અંગે રાજ્ય સરકારમાં ઉગ્ર રજુઆત કરવામાં આવશે હોવાનું વિદ્યાર્થીઓ અને વાલીઓએ જણાવ્યું હતું અને જીલ્લાકક્ષાએ અને તાલુકાકક્ષાએ આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરવામાં આવશે અને મક્કમ લડત આપવામાં આવશે તેવું ભારપૂર્વક જણાવ્યું હતુ.

અરવલ્લી જીલ્લાના વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર મેડિકલ પ્રવેશ માટે નિટના આધારે પ્રવેશ નક્કી થતો હોવાથી વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા માટે તનતોડ મહેનત કરતા હોવાથી ધોરણ-૧૨ની રેગ્યુલર પરીક્ષા સામે લક્ષ ઓછું રાખતા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ટકાવારી ઓછી આવતા વિદ્યાર્થીઓની હાલત કફોડી બનાવની સાથે ઉચ્ચ કારકિર્દી સામે પણ પૂર્ણવિરામ મુકાઈ જાય છે.

# છાપી અને વડગામમાં આવેલા કોમ્પલેક્ષમાં ફાયર સેફ્ટીનો અભાવ

સુરત ખાતે ટ્યુસન ક્લાસીસમાં માં બનેલી દુઃખદ ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું છે અને ફરીવાર આવી ઘટનાનું ક્યાંય પુનરાવર્તન ન થાય તે માટે ઠેર-ઠેર જાહેરનામું પ્રસિદ્ધ કરીને બહુમાળી બિલ્ડીંગો, કોમ્પલેક્ષો તેમજ રહેણાંક વિસ્તારમાં ચાલતા તમામ ટ્યુશન ક્લાસીસો સહીત ઉપર લાલ આંખ કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરતાં હડકંપ મચી ગઈ છે

બનાસકાંઠા જિલ્લા ના છાપી અને વડગામ ખાતે આવેલ વિવિધ કોમ્પલેક્ષ અને બિલ્ડીંગો માં ફાયર સેફ્ટી સહીત અનેક સુવિધાઓ નો અભાવ જોવા મળી રહ્યો છે છતાં પણ સ્થાનિક વહીવટી તંત્ર અજાણ હોવાનો ડોળ કરી રહ્યું છે વડગામ સહીત છાપી હાઈવે વિસ્તાર માં અનેક કોમ્પલેક્ષ માં ફાયર સેફ્ટી સહીત નો અભાવ વર્તાતો રહ્યો છે હરહંમેશ ની જેમ આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસતું તંત્ર આ વખતે પણ સુરત માં બનેલી દુઃખદ ઘટના બાદ જાહેરના મા પછી પણ નક્કર કામગીરી કરવાના બદલે નોટીસો આપી ને સંતોષ માની રહ્યુંછે છાપી પંથકમાં ગ્રામ પંચાયત દ્વારા નોટીસો આપીને ખુલાશો કરવા જાણ કરાયું હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે વડગામ માં આવેલા કોમ્પલેક્ષ મા પણ ફાયર સેફ્ટી ના અભાવ સાથે અનેક સુવિધાઓ નો અભાવ વર્તાતો રહ્યો છે કેટલાક કોમ્પલેક્ષ માં તો વાહન પાંકિંગ માટે જગ્યા પણ નથી છતાં પણ કોમ્પલેક્ષ સંચાલકો સામે કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી જેને લઈને અનેક સવાલો લોકો માં થઈ રહ્યા છે તંત્ર સામે પણ ફીટકાર ની લાગણી ઉદ્ભવી રહી છે ત્યારે તંત્ર સજાગતા દાખવશે ખરું? કે.પછી કોઈ ઘટના બને તેની રાહ જોવાશે.